આજની પ્રાર્થના....
વહે જીવન રજની દિન
ચિરનૂતન ધારા કરુણા
તવ અવિશ્રામ જનમ-
મરણે... આનંદ લોકે
મંગલા લોકે..

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૩ | ૩ જુલાઈ, ૨૦૨૧, શનિવાર; જયેષ્ઠ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પુલવામામાં સેના દ્વારા પાંચ આતંકી ઠાર

**અથડામણમાં એક જવાન શહીદ : સુરક્ષાદળોનું આતંકવાદીઓ સામેનું એન્કાઉન્ટર પુરું થયું : એક ગામમાં આતંકીઓ છુપાયા હોવાની બાતમી બાદ દળોએ ગામને ઘેરી લેતાં આતંકીઓએ ફાયરિંગ શરૂ કરતાં સેનાએ વળતો ગોળીબાર કર્યો હતો**



નવી દિલ્હી, તા. ૨

જમ્મુ કાશ્મીરના પુલવામા જિલ્લામાં ગુરૂવારની રાતથી સુરક્ષાદળોએ આતંકીઓ સામે શરૂ કરેલુ એક્રાઉન્ટર આજે પુરૂ થયુ છે. જેમાં પાંચ આતંકીઓને સુરક્ષાદળોએ યમસદન પહોંચાડી દીધા છે. આ અથડામણમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત એક જવાન પણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન શહીદ થયો છે.

પોલીસ અધિકારીના કહેવા પ્રમાણે પુલવામા જિલ્લાના રાજપોરા વિસ્તારમાં આવેલા એક ગામમાં આતંકીઓ છુપાયા હોવાની બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ આ ગામને ઘેરી લઈને ચેકિંગ શરૂ કર્યુ હતુ. આ દરમિયાન આતંકીઓએ ફાયરિંગ કર્યુ હતુ અને એ પછી બંને પક્ષો વચ્ચે સામ સામે ગોળીબાર શરૂ થયો હતો. સુરક્ષાદળોએ આપેલા જડબાતોડ જવાબથી આતંકીઓ હતપ્રભ થઈ ગયા હતા. જોકે આ એક્રાઉન્ટર દરમિયાન સેનાના એક જવાનને ગોળી વાગી હતી અને તેનુ સારવાર દરમિયાન શ્રીનગરની હોસ્પિટલમાં મોત થયુ હતુ.

આ પહેલા જમ્મુ કાશ્મીરના કુલગામ જિલ્લામાં પણ બુધવારે ત્રણ આતંકીઓને ખાત્મો બોલાવી

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં સીમા પર ફરી જોવા મળ્યું ડ્રોન

**બીએસએફના જવાનોએ ફાયરિંગ કરી ખદેડ્યું**

અરનિયા,તા.૨

એરફોર્સ સ્ટેશન પર ડ્રોન એટેક બાદ જમ્મુ-કાશ્મીરમાં ડ્રોન દેખાવાનું ચાલું છે. જમ્મુમાં ઈન્ટરનેશનલ બૉર્ડરની પાસે અરનિયા સેક્ટરમાં ડ્રોન જોવા મળ્યું છે. ત્યારબાદ બોર્ડર પર તહેનાત બીએસએફના જવાનોએ ડ્રોન પર અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું. આ દરમિયાન ડ્રોન ગાયબ થઈ ગયા. જણાવી દઈએ કે હાલના દિવસોમાં લગભગ ૯ વાર ડ્રોન ગતિવિધિઓ જોવા મળી છે. બીએસએફ તરફથી આ ઘટના પર સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું છે.



બીએસએફનું કહેવું છે કે, "જવાનોએ પાકિસ્તાનના એક નાના હેક્સાકોપ્ટર પર સવારે ૪ વાગ્યેને ૨૫ મિનિટ પર ફાયરિંગ કર્યું. આ અરનિયા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ભારતીય વિસ્તારમાં ઘૂસણખોરી કરવાનો પ્રયત્ન કરી રહ્યું હતું. આ ફાયરિંગ બાદ ડ્રોન પાછું જતું રહ્યું. અમારું માનવું છે કે વિસ્તાર પર નજર કરવા માટે આને મોકલવામાં આવ્યું હતું."

તાજેતરમાં જમ્મુમાં સતત ડ્રોન જોવા મળી રહ્યા છે. આની શરૂઆત રવિવારના થઈ જ્યારે જમ્મુ એરપોર્ટ સ્ટેશન પર ડ્રોનથી ૨ વિસ્ફોટ કરવામાં આવ્યા હતા.

# ઈસ્લામાબાદમાં ભારતીય દૂતાવાસ પર ડ્રોન ઊડતું દેખાયું

**પાકિસ્તાન સતત વિએના સંધીનું ઉલ્લંઘન કરે છે : અધિકારીઓના નિવાસસ્થાન ઉપર ઊડતા ડ્રોનની ઘટના બાદ ભારતે પાકિસ્તાની સમક્ષ જોરદાર વિરોધ નોંધાવ્યો**

નવી દિલ્હી, તા. ૨

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ભારતીય દૂતાવાસ ઉપર ડ્રોન ઉડતું જોવા મળ્યું છે. જે બાદ ભારતે આ મામલો પાકિસ્તાની અધિકારીઓ સમક્ષ ઉઠાવતા ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ડ્રોન ભારતીય દૂતાવાસના અધિકારીઓના નિવાસસ્થાન ઉપર ઉડતું જોવા મળ્યું હતું. પાકિસ્તાનમાં ભારતીય મિશનની અંદર આ પહેલી વાર કોઈ ડ્રોન જોવામાં આવ્યું છે. ઈસ્લામાબાદના અત્યંત સુરક્ષિત વિસ્તારમાં આવી ઘટનાએ ભારતીય મિશન અધિકારીઓની ચિંતા વધારી દીધી છે. જોકે આ સમગ્ર મામલે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

રિપોર્ટ અનુસાર આ ઘટના ૨૬ જૂનની છે. ડ્રોન દેખાયાના સમયે ભારતીય મિશનની અંદર એક કાર્યક્રમ ચાલી રહ્યો હતો. હજુ સુધી આ ડ્રોન ક્યાંથી આવ્યું છે અને ભારતીય દૂતાવાસની સુરક્ષા

● અનુસંધાન પાન-૭ પર



# બંગાળમાં રાજ્યપાલના ભાષણ વેળા ભાજપ સભ્યોનો હંગામો

**ભાષણની જે કોપી ધારાસભ્યોને અપાઈ હતી તેમાં હિંસાનો ઉલ્લેખ ન હોવાના લીધે હંગામો મચાવાયાનો સભ્યોનો દાવો**

કોલકાતા, તા. ૨

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ ચાલી રહેલી રાજકીય હિંસાના પડઘા આજે વિધાનસભામાં પડ્યા હતા. રાજ્યપાલ જગદીપ ધનખડના ભાષણ દરમિયાન ભાજપના ધારાસભ્યોએ ભારે હંગામો મચાવ્યો હતો અને ધારાસભ્યોએ વિધાનસભામાં જયશ્રી રામના નારા પણ લગાવ્યા હતા.



ભાજપના ધારાસભ્યોએ ભાજપના કાર્યકરો સામે થઈ રહેલી હિંસાના વિરોધમાં વિધાનસભામાંથી વોકઆઉટ કર્યો હતો. જોકે આજથી શરૂ થયેલા વિધાનસભા સત્રમાં એ પહેલા રાજ્યપાલના ભાષણ દરમિયાન ભાજપના ધારાસભ્યોએ હંગામો મચાવ્યો હતો. ધનખડ માંડ ચારેક મિનિટ બોલી શક્યા હતા અને તેમણે પોતાનુ ભાષણ અટકાવવુ પડ્યુ હતુ.

હંગામા કરી રહેલા ભાજપના ધારાસભ્યોના હાથમાં હિંસાનો શિકાર બનેલા લોકોની તસવીરો હતી. વિપક્ષના નેતા શુવેન્દૂ અધિકારીએ કહ્યુ હતુ કે, ચૂંટણી બાદ શરૂ થયેલી હિંસા એક મોટો મુદ્દો છે અને આ લડાઈ ચાલુ રહેશે. રાજ્યપાલના ભાષણની જે કોપી ધારાસભ્યોને આપવામાં આવી હતી તેમાં હિંસાનો કોઈ ઉલ્લેખ નહોતો. જેના કારણે અમારે હંગામો મચાવવા માટે મજબૂર થવુ પડ્યુ હતુ.

# ઉત્તરાખંડના મુખ્યમંત્રી આજે રાજીનામુ આપશે

**દિલ્હીમાં પક્ષ પ્રમુખ જે.પી. નડ્ડા અને ગૃહમંત્રી અમિત શાહ સાથે દિવસભરની ચર્ચા બાદ લેવાયેલ નિર્ણય**

દહેરાદુન, તા.૨

ઉત્તરાખંડના મુખ્યમંત્રી તિરથસિંહ રાવતે શુક્રવારે પક્ષના પ્રમુખ જે.પી. નડ્ડા અને ગૃહમંત્રી અમિત શાહ સાથે દિવસભરની ચર્ચાઓ બાદ આવતીકાલે શનિવારે રાજ્યપાલશ્રીને પોતાના રાજીનામાનો પત્ર સુપરત કરશે. અને આગામી બે દિવસમાં મોવડીમંડળ વિધાનસભા પક્ષની બેઠક બોલાવી નવા નેતાની વરણી કરશે.



અત્રે ઉલ્લેખનીય છે કે, રાવતે ૧૦મી માર્ચ-૨૦૨૧ના રોજ મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા અને ખુબ જ ટૂંકી મુદત બાદ રાજીનામાની નોબત આવી છે. ૬ મહિનામાં પેટાચૂંટણી લડવાની જોગવાઈનો અમલ થઈ શકતો ન હોવાને કારણે તેઓને રાજીનામુ આપવાની ફરજ પડી છે એમ રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. અને આજ નિયમાનુસાર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને પણ રાજીનામું આપવાની ફરજ પડી શકે છે.

બંધારણની જોગવાઈ મુજબ મુખ્યમંત્રીના શપથવિધિના ૬ માસમાં વિધાનસભા સદનના સભ્ય થવું ફરજીયાત છે. જ્યારે ચૂંટણી પંચે આગામી પાંચ માસ માટે પેટાચૂંટણીઓ પર પ્રતિબંધ મુક્યો હોવાથી પેટાચૂંટણી યોજી શકાય તેમ ન હોવાથી તિરથસિંહ રાવતે રાજીનામું આપવું પડ્યું છે અને આ જ ચાલમાં ભાજપ મમતા બેનર્જીને ફરજ પાડી શકે છે.

# સગર્ભાઓને પણ હવે કોરોનાની રસી આપવા મંત્રાલયની મંજૂરી

**રચાયેલા ગ્રૂપની ભલામણ પર નિર્ણય લેવાયો : સગર્ભાઓ હવે કોવિન પર નોંધણી કર્યા પછી તથા સીધા કોરોના રસીકરણ કેન્દ્રમાં જઈ રસી લગાવી શકે છે**

નવી દિલ્હી, તા. ૨

હવે દેશમાં ગર્ભવતી મહિલાઓને પણ કોરોના વિરોધી રસી લગાવવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા રસીકરણ અંગે રચાયેલા નેશનલ ટેકનિકલ એડવાઈઝરી ગ્રૂપની ભલામણ પર આરોગ્ય મંત્રાલયે સગર્ભા સ્ત્રીઓની રસીકરણને પણ મંજૂરી આપી દીધી છે. મંત્રાલયે શુક્રવારે કહ્યું કે સગર્ભા સ્ત્રીઓ હવે કોવિન પર નોંધણી કર્યા પછી અથવા સીધા કોરોના રસીકરણ કેન્દ્રમાં જઈ રસી લગાવી શકે છે.

તાજેતરમાં, આરોગ્ય મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી, લવ અગ્રવાલે કહ્યું કે એનટીએજીઆઈની ભલામણ મુજબ, સગર્ભા સ્ત્રીઓ માટે રસીકરણ સલામત છે. દરમિયાન, શુક્રવાર સુધીમાં દેશમાં ૩૪ કરોડથી વધુ ડોઝ લગાવવામાં આવી ચુક્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે શુક્રવારે કહ્યું કે દેશમાં કોવિડ-૧૯ રસીના ૩૪ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. મંત્રાલયે માહિતી આપી કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૮-૪૪ વર્ષની વય જૂથના કુલ ૯,૪૧,૦૩,૯૮૫ લોકોએ રસીનો પ્રથમ ડોઝ મેળવ્યો છે અને ૨૨,૭૩,૪૭૭ લોકોએ પણ લઈ લીધો છે. મંત્રાલયે જણાવ્યું છે કે શુક્રવારે સવારે ૭ વાગ્યા સુધી પ્રાપ્ત અહેવાલ મુજબ ૩૪,૦૦,૭૬,૨૩૨ ડોઝ આપવામાં આવ્યા છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૪૨ લાખથી વધુ ડોઝ લગાવવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે રસીકરણ અભિયાનના ૧૬૭ માં દિવસે (૧ જુલાઈ), ૪૨,૬૪,૧૨૩ ડોઝ આપવામાં આવ્યા, જેમાં ૩૨,૮૦,૯૯૮ લોકોને પ્રથમ ડોઝ મળ્યો હતો અને ૯,૮૩,૧૨૫ લોકોને બીજા ડોઝ મળ્યો છે.

મંત્રાલયે જણાવ્યું કે, ગુરુવારે, ૧૮-૪૪ વર્ષની વય જૂથના ૨૪,૫૧,૫૩૯ લોકોને રસીનો પ્રથમ ડોઝ મળ્યો હતો અને ૮૯,૦૨૭ લોકોએ બીજો ડોઝ લીધો હતો, એમ મંત્રાલયે જણાવ્યું હતું.

# અભિનેત્રી યામી ગૌતમને મની લોન્ડરિંગ કેસમાં ઈડીનું સમન્સ

**યામી ગૌતમને વિદેશથી મળેલી કેટલીક રકમને લઈને પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યું હોવાનું અનુમાન**

નવી દિલ્હી, તા. ૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા બોલીવૂડ એક્ટ્રેસ યામી યામી



ગૌતમને મની લોન્ડરિંગના મામલામાં સમન્સ પાઠવવામાં આવતા બોલીવૂડમાં ચકચાર મચી ગઈ છે.

યામી ગૌતમને ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ હેઠળની કથિત અનિયમતતાઓને લઈને નિવેદન આપવા માટે આગામી સપ્તાહે હાજર રહેવા માટે ઈડીએ આદેશ આપ્યો છે.

યામીએ તાજેતરમાં જ ફિલ્મ ડિરેક્ટર આદિત્ય ધર સાથે લગ્ન કર્યા છે. યામીએ ૨૦૧૯ની સુપરહિટ ફિલ્મ ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈકમાં કામ કર્યુ હતુ. હિમાચલ પ્રદેશમાં જન્મેલી યામી ગૌતમ આગામી ફિલ્મમાં અમિતાભ બચ્ચન સાથે નજરે પડશે.

યામી ગૌતમને વિદેશથી મળેલી કેટલીક રકમને લઈને પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યુ હોવાનુ ઈડી સાથે સંકળાયેલા સુત્રોનુ કહેવુ છે.

યામી ગૌતમને સમન્સ મળ્યા બાદ બોલીવૂડના નાણાકીય વ્યવહારોને લઈને વધુ એક વિવાદ સર્જાયો છે. આ પહેલા બોલીવૂડના સિતારાઓનુ નામ ડ્રગ્સ કેસમાં પણ ઉછળ્યુ હતુ અને તેના પગલે નાર્કોટિક્સ બ્યૂરો દ્વારા સંખ્યાબંધ એક્ટર્સ અને એક્ટ્રેસની પૂછપરછ પણ કરવામાં આવી હતી.

# પેટ્રોલીયમ પ્રોડકટ પર ટેક્ષથી સરકારને વાર્ષિક ૪.૫૧ લાખ કરોડની કમાણી

**સરકારની કમાણીમાં ૫૬.૫ ટકાનો વધારો, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પેટ્રોલિયમ પેદાશોના આયાત પર રૂ. ૩૭,૮૦૬.૯૬ કરોડની કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવી હતી**

ન્યુ દિલ્હી,તા.૨

પેટ્રોલ અને ડિઝલના વધતા ભાવોથી દરેક લોકો હેરાન-પરેશાન છે. સરકાર પાસેથી ટેકસ અને સેસ ઘટાડવાની માંગણી વધતી રહી છે પરંતુ શું તમને ખબર છે કે પેટ્રોલીયમ પ્રોડકટથી સરકારને અબજો રૂપિયાની કમાણી થઈ રહી છે. પેટ્રોલના ભાવમાં લાગેલી આગ બાદ ડિઝલે પણ સદી ફટકારી દીધી છે. રાજસ્થાનના જેસલમેરમાં ડિઝલનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. આમજનતાના ગજવા ખાલી થઈ રહ્યા છે પરંતુ સરકારની તીજોરી ભરાઈ રહી છે. પેટ્રોલીયમ પ્રોડકટ પર કેન્દ્ર સરકારે ૪.૫૧ લાખ કરોડની ટેકસ રેવન્યુ મેળવી છે અને તેમાં ૫૬.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. કોરોનાકાળ દરમિયાન પણ સરકારની તીજોરી છલોછલ થઈ ગઈ છે. એક આરટીઆઈમાં આ ખુલાસો થયો છે.

કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પેટ્રોલિયમ પ્રોડકટ્સ પર કસ્ટમ ડ્યુટી અને એકસાઈઝ ડ્યુટી તરીકે ઈન્ડાયરેકટ ટેકસ રેવન્યૂ તરીકે

● અનુસંધાન પાન-૭ પર

કચ્છની ખારેક
ખેડૂત દ્વારા સીધું વેચાણ
ખારેક : લાલ-પીળી
કૃષિભવન ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર

વાછાણી હોસ્પિટલ
NABH Certified (Entry Level)
'0'-'0' એરર ટેક્નોલોજી
ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યા ઢીંચણનો સાંધો કોમ્પ્યુટરની મદદથી અલાઇન કરવામાં આવે છે.
સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિ દ્વારા સાંધાની રિપ્લેસમેન્ટ સર્જરી
૨૪ કલાક તાત્કાલિક સારવાર
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
• વધુ માહિતી માટે સપર્ક કરો •
મો. ૯૫૧૨૩૫૫૫૬૩
૭૬૨૧૦૧૨૭૮૫
૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧



શું તમે જાણો છો
બટર કૂકીઝમાં બટર હોય છે કે તેલ?
કેટલીક બટર કૂકીઝ
0.3% - 4% બટર#
20% - 22% વેજીટેબલ ઑઈલ#
Amul બટર કૂકીઝ
25% અમૂલ બટર
0% વેજીટેબલ ઑઈલ
વધુ માહિતી માટે પૅક પર જણાવેલા ઈન્ગ્રિડિયંટ્સ વાંચો.




Amul The Taste of India
*MRP (incl. of all taxes). Conditions apply. #Generally